# સમયસારની ગાથા ૩૨૦ ‘ તાત્પર્યવૃત્તિ ’ ટીકાનો ગુજરાતી અનુવાદ

**જ્યમ નેત્ર, તેમ જ જ્ઞાન નથી કારક, નથી વેદક અરે !**
**જાણે જ કર્મોદય, નિરજરા, બંધ તેમ જ મોક્ષને. ૩૨૦.**

તે જ અકર્તૃત્વભોક્તૃત્વભાવને વિશેષપણે દઢ કરે છે–

[ दिट्ठी सयं पि णाणं अकारयं तह अवेदयं चेव ] જેવી રીતે નેત્ર–કર્તા–દશ્ય એવી અગ્નિરૂપ વસ્તુને, સંધુક્ષણ ( સંધૂકણ ) કરનાર પુરુષની માફક, કરતું નથી અને, તપેલા લોખંડના પિંડની માફક, અનુભવરૂપે વેદતું નથી; તેવી રીતે શુદ્ધ જ્ઞાન પણ અથવા અભેદથી શુદ્ધજ્ઞાનપરિણત જીવ પણ પોતે શુદ્ધ–ઉપાદાનરૂપે કરતો નથી અને વેદતો નથી. અથવા પાઠાન્તરઃ ‘ दिट्ठी खयं पि णाणं ’ – તેનું વ્યાખ્યાનઃ– માત્ર દૃષ્ટિ જ નહિ પરંતુ ક્ષાયિક જ્ઞાન પણ નિશ્ચયથી કર્મોનું અકારક તેમ જ અવેદક પણ છે. તેવો હોતો થકો ( શુદ્ધજ્ઞાનપરિણત જીવ ) શું કરે છે? [ जाणदि य बंधमोक्खं ] જાણે છે. કોને? બંધ–મોક્ષને. માત્ર બંધ–મોક્ષને નહિ, [ कम्मुदयं णिज्जरं चेव ] શુભ–અશુભરૂપ કર્મોદયને તથા સવિપાક–અવિપાકરૂપે ને સકામ–અકામરૂપે બે પ્રકારની નિર્જરાને પણ જાણે છે ”

સર્વવિશુદ્ધ–પારિણામિક–પરમભાવગ્રાહક શુદ્ધ–ઉપાદાનભૂત શુદ્ધદ્રવ્યાર્થિકનયે જીવ કર્તૃત્વ–ભોક્તૃત્વથી તથા બંધ–મોક્ષનાં કારણ ને પરિણામથી શૂન્ય છે એમ સમુદાયપાતનિકામાં કહેવામાં આવ્યું હતું. પછી ચાર ગાથા દ્વારા જીવનું અકર્તૃત્વગુણના વ્યાખ્યાનની મુખ્યતાથી સામાન્ય વિવરણ કરવામાં આવ્યું. ત્યાર પછી ચાર ગાથા દ્વારા ‘ શુદ્ધને પણ જે પ્રકૃતિ સાથે બંધ થાય છે તે અજ્ઞાનનું માહાત્મ્ય છે ’ એમ અજ્ઞાનનું સામર્થ્ય કહેવારૂપે વિશેષ વિવરણ કરવામાં આવ્યું. ત્યાર પછી ચાર ગાથા દ્વારા જીવનું અભોક્તૃત્વગુણના વ્યાખ્યાનની મુખ્યતાથી વ્યાખ્યાન કરવામાં આવ્યું. ત્યાર પછી બે ગાથા કહેવામાં આવી જેના દ્વારા, પૂર્વે બાર ગાથામાં શુદ્ધ નિશ્ચયથી કર્તૃત્વ–ભોક્તૃત્વના અભાવરૂપ તથા બંધ–મોક્ષનાં કારણ ને પરિણામના અભાવરૂપ જે વ્યાખ્યાન કરવામાં આવ્યું તેનો જ ઉપસંહાર કરવામાં આવ્યો. આ રીતે સમયસારનીશુદ્ધાત્માનુભૂતિલક્ષણ ‘ તાત્પર્યવૃત્તિ ’ નામની ટીકામાં મોક્ષાધિકાર સંબંધી ચૂલિકા સમાપ્ત થઈ. અથવા બીજી રીતે વ્યાખ્યાન કરતાં, અહીં મોક્ષાધિકાર સમાપ્ત થયો.

વળી વિશેષ કહેવામાં આવે છેઃ–

ઔપશમિકાદિ પાંચ ભાવોમાં ક્યા ભાવથી મોક્ષ થાય છે તે વિચારવામાં આવે છે.

ત્યાં ઔપશમિક, ક્ષાયોપશમિક, ક્ષાયિક અને ઔદયિક એ ચાર ભાવો પર્યાય–

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



રૂપ છે અને શુદ્ધ પારિણામિક (ભાવ) દ્રવ્યરૂપ છે. એ પરસ્પર સાપેક્ષ એવું દ્રવ્યપર્યાયદ્વય (દ્રવ્ય અને પર્યાયનું જોડકું) તે આત્મા-પદાર્થ છે.

ત્યાં, પ્રથમ તો જીવત્વ, ભવ્યત્વ અને અભવ્યત્વ એમ ત્રણ પ્રકારના પારિણામિક ભાવોમાં, શુદ્ધજીવત્વ એવું જે શક્તિલક્ષણ પારિણામિકપણું તે શુદ્ધદ્રવ્યાર્થિકનયાશ્રિત હોવાથી નિરાવરણ અને 'શુદ્ધપારિણામિકભાવ' એવી સંજ્ઞાવાળું જાણવું; તે તો બંધમોક્ષપર્યાયપરિણતિ રહિત છે. પરંતુ જે દશપ્રાણરૂપ જીવત્વ અને ભવ્યત્વ અભવ્યત્વદ્વય તે પર્યાયાર્થિકનયાશ્રિત હોવાથી 'અશુદ્ધપારિણામિકભાવ' સંજ્ઞાવાળાં છે. પ્રશ્નઃ- 'અશુદ્ધ' કેમ? ઉત્તરઃ- સંસારીઓને શુદ્ધનયથી અને સિદ્ધોને તો સર્વથા જ દશપ્રાણરૂપ જીવત્વનો અને ભવ્યત્વ-અભવ્યત્વદ્વયનો અભાવ હોવાથી.

તે ત્રણમાં, ભવ્યત્વલક્ષણ પારિણામિકને તો યથાસંભવ સમ્યક્ત્વાદિ જીવગુણોનું ઘાતક 'દેશઘાતી' અને 'સર્વઘાતી' એવાં નામવાળું મોહાદિકર્મસામાન્ય પર્યાયાર્થિકનયે ઢાંકે છે એમ જાણવું. ત્યાં, જ્યારે કાળાદિ લબ્ધિના વશે ભવ્યત્વશક્તિની વ્યક્તિ થાય છે ત્યારે આ જીવ સહજ-શુદ્ધ-પારિણામિકભાવલક્ષણ નિજપરમાત્મદ્રવ્યનાં સમ્યક્શ્રદ્ધાન-જ્ઞાન-અનુચરણરૂપ પર્યાયે પરિણમે છે; તે પરિણમન આગમભાષાથી 'ઔપશમિક', 'ક્ષાયોપશમિક' તથા 'ક્ષાયિક' એવા ભાવત્રય કહેવાય છે, અને અધ્યાત્મભાષાથી 'શુદ્ધાત્માભિમુખ પરિણામ', 'શુદ્ધોપયોગ' ઇત્યાદિ પર્યાયસંજ્ઞા પામે છે.

તે પર્યાય શુદ્ધપારિણામિકભાવલક્ષણ શુદ્ધાત્મદ્રવ્યથી કથંચિત્ ભિન્ન છે. શા માટે? ભાવનારૂપ હોવાથી. શુદ્ધપારિણામિક (ભાવ) તો ભાવનારૂપ નથી. જો (તે પર્યાય) એકાંતે શુદ્ધ-પારિણામિકથી અભિન્ન હોય, તો મોક્ષનો પ્રસંગ બનતાં આ ભાવનારૂપ મોક્ષકારણભૂત (પર્યાય) નો વિનાશ થતાં શુદ્ધપારિણામિકભાવ પણ વિનાશને પામે. પણ એમ તો બનતું નથી (કારણ કે શુદ્ધપારિણામિકભાવ તો અવિનાશી છે.)

માટે આમ ઠર્યુંઃ- શુદ્ધપારિણામિકભાવવિષયક (શુદ્ધપારિણામિકભાવને અવલંબનારી) જે ભાવના તે-રૂપ જે ઔપશમિકાદિ ત્રણ ભાવો તેઓ સમસ્ત રાગાદિથી રહિત હોવાને લીધે શુદ્ધ-ઉપાદાન-કારણભૂત હોવાથી મોક્ષકારણ (મોક્ષનાં કારણ) છે, પરંતુ શુદ્ધપારિણામિક નહિ (અર્થાત્ શુદ્ધપારિણામિકભાવ મોક્ષનું કારણ નથી).

જે શક્તિરૂપ મોક્ષ છે તે તો શુદ્ધપારિણામિક છે, પ્રથમથી જ વિદ્યમાન છે. આ તો વ્યક્તિરૂપ મોક્ષનો વિચાર ચાલે છે.

એવી જ રીતે સિદ્ધાંતમાં કહ્યું છે કે 'निष्क्रियः शुद्धपारिणामिकः' અર્થાત્ શુદ્ધપારિણામિક (ભાવ) નિષ્ક્રિય છે. નિષ્ક્રિયનો શો અર્થ છે? (શુદ્ધપારિણામિક ભાવ) બંધના કારણભૂત જે ક્રિયા-રાગાદિપરિણતિ, તે-રૂપ નથી અને મોક્ષના કારણભૂત જે

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ક્રિયા-શુદ્ધભાવનાપરિણતિ, તે-રૂપ પણ નથી. માટે એમ જાણવામાં આવે છે કે શુદ્ધપારિણામિકભાવ ધ્યેયરૂપ છે, ધ્યાનરૂપ નથી. શા માટે? કારણ કે ધ્યાન વિનશ્વર છે. (અને શુદ્ધપારિણામિકભાવ તો અવિનાશી છે). શ્રી યોગીન્દ્રદેવે પણ કહ્યું છે કે 'ण वि उपज्जइ ण वि मरइ बंधु ण मोक्खु करेइ। जिउ परमत्थे जोइया जिणवर एउ भणेइ।।' (અર્થાત્ હે યોગી! પરમાર્થે જીવ ઊપજતો પણ નથી, મરતો પણ નથી અને બંધ-મોક્ષ કરતો નથી-એમ શ્રી જિનવર કહે છે.)

વળી તે સ્પષ્ટ કરવામાં આવે છેઃ- વિવક્ષિત-એકદેશશુદ્ધનયાશ્રિત આ ભાવના (અર્થાત્ કહેવા ધારેલી આંશિક શુદ્ધિરૂપ આ પરિણતિ) નિર્વિકાર-સ્વસંવેદનલક્ષણ ક્ષાયોપશમિકજ્ઞાનરૂપ હોવાથી જો કે એકદેશ વ્યક્તિરૂપ છે તોપણ ધ્યાતા પુરુષ એમ ભાવે છે કે 'જે સકલનિરાવરણ-અખંડ-એક-પ્રત્યક્ષપ્રતિભાસમય-અવિનશ્વર-શુદ્ધપારિણામિકપ-રમભાવલક્ષણનિજપરમાત્મદ્રવ્ય તે જ હું છું', પરંતુ એમ ભાવતો નથી કે 'ખંડજ્ઞાનરૂપ હું છું.' -આમ ભાવાર્થ છે.

આ વ્યાખ્યાન પરસ્પર સાપેક્ષ એવાં આગમ-અધ્યાત્મના તેમ જ નયદ્વયના (દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિકનયના) અભિપ્રાયના અવિરોધપૂર્વક જ કહેવામાં આવ્યું હોવાથી સિદ્ધ છે. (-નિર્બાધ છે) એમ વિવેકીઓએ જાણવું.

*(અનુવાદકઃ પં. શ્રી હિંમતલાલ જે. શાહ)*

* * *

## શ્રી સમયસાર ગાથા ૩૨૦ : મથાળું

(તાત્પર્યવૃત્તિ ટીકા)

એ જ અકર્તૃત્વભોકતૃત્વભાવને વિશેષપણે દ્રઢ કરે છેઃ-

## ગાથા ૩૨૦ઃ શ્રી જયસેનાચાર્યકૃત તાત્પર્યવૃત્તિ ટીકા ઉપરનું પ્રવચન

"[ दिट्ठी सयं पि णाणं अकारयं अवेदयं चेव ] જેવી રીતે નેત્ર- કર્તા, દશ્ય એવી અગ્નિરૂપ વસ્તુને, સંધુક્ષણ (સંધૂકણ) કરનાર પુરુષની માફક, કરતું નથી અને, તપેલા લોખંડના પિંડની માફક, અનુભવરૂપે વેદતું નથી; તેવી રીતે શુદ્ધ જ્ઞાન પણ અથવા અભેદથી શુદ્ધજ્ઞાનપરિણત જીવ પણ પોતે શુદ્ધ-ઉપાદાનરૂપે કરતો નથી અને વેદતો નથી. અથવા પાઠાન્તરઃ [ दिट्ठी खयं पि णाणं ] -તેનું વ્યાખ્યાનઃ માત્ર દષ્ટિ જ નહિ પરંતુ ક્ષાયિક જ્ઞાન પણ નિશ્ચયથી કર્મોનું અકારક તેમ જ અવેદક પણ છે. તેવો હોતો થકો (શુદ્ધજ્ઞાનપરિણત જીવ) શું કરે છે? [ जाणदि य-बंध-मोक्खं ] – જાણે છે. કોને? બંધ- મોક્ષને. માત્ર બંધ મોક્ષને નહિ, [ कम्मुदयं णिज्जरं चेव ] શુભ-અશુભરૂપ કર્મોદયને તથા સવિપાક-અવિપાકરૂપ ને સકામ-અકામરૂપ બે પ્રકારની નિર્જરાને પણ જાણે છે."

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com